તમે સવારે કે સાંજે રસ્તા પરથી પસાર થઈ રહ્યા છો અને તમને સામેથી કોઈ વ્યક્તિ ચાર કે પાંચ ડોગ્સ (એકદમ સ્ટાઈલિશ અને સુંદર મજાના કૂતરા)ને વોક કરાવતો જોવા મળે તો એવું ધારી લેવાની જરૂર નથી કે બધા જ ડોગ્સ તેની માલિકીના છે, પણ તે વ્યક્તિ ડોગ્સને વોકિંગ કરાવનાર પ્રોફેશનલ છે. આ એક નવું જ દેશ-દુનિયામાં ઝડપથી ઉભરતું પ્રોફેશન છે. સુરતમાં આ પ્રોફેશન 4-5 વર્ષથી ઉભું થયું છે. તમે જોતા જ હશો કે કોઈ વ્યક્તિ તેના પાલતુ પેટ (ડોગ)ને સવારે વૉકિંગ કરાવતું હોય ત્યારે સ્ટ્રીટ ડોગ્સ આવી તેમના કરતા અલગ દેખાતા પાલતુ ડોગને જોઈને ભસવા લાગે છે તેની પર હુમલો કરવા દોડી જાય છે. આવી સ્થિતિને પેટ ઓનર હેન્ડલ ના કરી શકે કે પોતે જ થોડો ડરી જાય. આવી સ્થિતિ ઊભી ના થાય તે માટે ડોગ ઓનર આવા પ્રોફેશનલ્સ કે જેઓ ડોગ વોકિંગનું કામ કરતા હોય તેમને જોબ પર રાખે છે . સુરતમાં પણ આવા માત્ર યુવકો જ નહીં પણ યુવતીઓ પણ ડોગ વોકિંગના પ્રોફેશનમાં જોવા મળી રહી છે. સુરતી યુવક યુવતીઓ ડોગ વોકિંગનું પ્રોફેશન કેમ અપનાવી રહ્યા છે, શું આ પ્રોફેશનમાં તેમને મંથલી સેલેરી મળે છે? તેઓએ ડોગ વોકિંગની કોઈ ટ્રેનિંગ લીધી છે, આ પ્રોફેશન ફૂલ ટાઈમનું હોય છે કે પછી પાર્ટ ટાઈમનું, જ્યારે તેઓ પહેલી વાર કોઈ ડોગને વોકિંગ કરવા લઈ જાય ત્યારે એ ડોગ તેમની પર બાર્કિંગ નથી કરતું, તે ડોગ ને હેન્ડલ કરતી વેળા તેમને શું ડિફિકલ્ટીઝ આવે છે, આ બધી જ વાતોને વણી લઈને આ ઈન્ટરેસ્ટિંગ પ્રોફેશન વિશે આપણે જાણીએ....



## તમારા પાળતુ શ્વાનને રોજેરોજ બહાર ફરવા લઈ જવા માટે પણ હવે સર્વિસ ઉપલબ્ધ.

# આ છે શહેરના પ્રોફેશનલ ડોગ વોકર્સ



LifeStyle Trends

### ડોગ્સને એક્સરસાઇઝ જરૂરી હોય છે નહીં તો તેમને પણ જાડા થવાનો (ઓબેસિટીનો) પ્રોબ્લેમ નડે

પલકકુમાર ઠાકોર 5 વર્ષથી ડોગ્સ વોકિંગના પ્રોફેશનમાં છે. તેમણે જણાવ્યું કે, ડોગ્સને પણ એક્સરસાઇઝ કરાવવી જરૂરી હોય છે નહીં તો તેઓને પણ ઓબેસિટીનો (જાડા થવાનો) પ્રોબ્લેમ નડે છે. ઉપરાંત ડોગને ટ્રાફિકનો, બીજા માણસોનો, વાહનોનો ડર લાગતો હોય છે એટલે તેમનો આ ફોબિયા દૂર કરવવા પણ બહાર લઈ જઈને વોકિંગ કરાવવું જરૂરી હોય છે. હું પહેલા અન્ય પ્રોફેશનમાં હતો પણ હું એનિમલ રેસ્ક્યુ કરવું સ્ટ્રીટ ડોગ્સને ખવડાવવું આવા કામો કરતો તેમાંથી પછી મેં ડોગ વોકિંગનું પ્રોફેશન અપનાવ્યું. સવારે 6થી 10 વાગ્યાં સુધી અને પછી બપોરે 3.30થી રાત્રીના 8 વાગ્યાં સુધી ડોગ્સને વોક કરાવવાનું કામ કરું છું. વીન્ટર સીઝનમાં ડોગ્સને દોડાવીએ પણ ખરા પણ ગરમીમાં વોકિંગ જ કરાવાય છે. ડોગ્સને સોશ્યલાઈઝ કરાવવા માટે પણ તેમને વોકિંગ કરાવવું જરૂરી હોય છે.

### ડોગ પ્રમાણે સેલેરી મળે છે

ડોગને 30 મિનિટ કે 45 મિનિટ વોક કરાવવાનું હોય તેના માટે મંથલી સેલેરી મળતી હોય છે. નાનું ડોગ હોય તો પ્રતિ માહ 3000 રૂ.થી વધારે અને મોટું ડોગ હોય તો 5 હજાર રૂ.થી વધારે સેલેરી મળે. ડોગને વોકિંગ કરાવનાર દિવસના 15-16 ડોગને વોક કરાવવા લઈ જતા હોય.સવારે અમુક કલાક અને સાંજે અમુક કલાક ડોગ વોકિંગનું કામ કરે અને સાઈડ પર બીજી જોબ પણ કરતા હોય. આ જોબમાં સારી એવી સેલેરીનો સ્કોપ હોય છે.



### સ્ટ્રીટ ડોગ માટે પણ વોક કરાવનારને હાયર કરાય છે

કેટલાંક શ્વાન પ્રેમીઓ સ્ટ્રીટ ડોગને ઉઠાવીને પોતાના ઘરમાં પનાહ આપી સારી રીતે ટ્રીટ કરતાં હોય છે. આવા સ્ટ્રીટ ડોગ માટે પણ પ્રોફેશનલ ડોગ વોકરને હાયર કરતાં હોય છે. પલક ઠાકોરે જણાવ્યું કે, મને એક વ્યક્તિએ તેમના દેશી ડોગને રોજ સવાર સાંજ વોકિંગ કરવા માટે હાયર કર્યો હતો. આ ડોગને લિફ્ટમાં જવાની જ બીક લાગતી હતી તો હું પહેલાં તે ડોગને લિફ્ટ પાસે બેસાડતો, પછી લિફ્ટ ખુલ્લી રાખતો અને લિફ્ટમાં બિસ્કિટ મુકતો જે ખાવા અંદર લઈ જતો અને આ રીતે ત્રણ મહિને તે ડોગનો લિફ્ટનો ફોબિયા દૂર કર્યો હતો.

### નવી જગ્યાના ડોગનું વોકિંગ સ્ટાર્ટ કરીએ ત્યારે ઓનર બે-ત્રણ દિવસ સાથે હોય

પિયા અટોદરીયા હાલ બી.કોમ. સ્ટડી કરી રહ્યાં છે અને સાથે તેઓ ડોગ વોકિંગની જોબ પણ કરે છે. પિયાએ જણાવ્યું કે હું પોતે પેટ લવર છું અને ડોગ વોકિંગ મારું પેશન છે. હું એક ડોગની ઓનર પણ છું. જ્યારે પહેલી જ વાર કોઈ ડોગને વોકિંગ કરાવવા લઈ જવાનું હોય ત્યારે શરૂઆતના બે-ત્રણ દિવસ પેટ ઓનર અમારી સાથે હોય, પછી તો ડોગ અમારાથી ફેમિલિયર થઈ જાય. આખો દિવસ ઘરમાં રહેતા ડોગ્સને ફિઝિકલ એક્ટિવિટી થાય તે માટે વોકિંગ કરાવાય છે. હું દિવસમાં 2થી 3 કલાકની આ જોબ કરું છું. આને હું કાયમી પ્રોફેશન તરીકે અપનાવીશ કે નહીં તે હજી ડીસાઈડ નથી કર્યું. જો સોસાયટીમાં જ ડોગને વોક કરાવવાનું હોય તો તેમને ખુલ્લા મૂકીએ પણ જો બહાર વોકિંગ કરાવવા લઈ જવાનું હોય ત્યારે તેમને બેલ્ટ બાંધવા પડતા હોય છે.

### પેટ ડોગ્સને સોશ્યલાઈઝ કરવા રોજનું 30 મિનિટનું વોકિંગ કરાવાય છે

નિતેશ શાહ ત્રણ વર્ષથી પેટ ડોગ્સ વોકરના પ્રોફેશનમાં છે. તેમણે જણાવ્યું કે, હવે આ નવું પ્રોફેશન એટલા માટે ક્રિએટ થયું છે કારણકે, આવા ડોગ્સ (પાલતું કૂતરા)ના ઓનર પાસે ડોગ્સને રોજ વોકિંગ કરવા લઈ જવા માટે સમયનો અભાવ હોય છે પણ તેમને સોશ્યલાઈઝ કરવા પણ જરૂરી હોય છે. હું સવારે 6થી 10 અને સાંજે 6થી રાત્રે 9 વાગ્યાં સુધી ડોગ્સને વોકિંગ કરવા લઈ જાઉં છું. મેં આની ટ્રેનિંગ નથી લીધી પણ પહેલા હું એનિમલ રેસ્ક્યુનું કામ કરતો હતો એટલે આ પ્રોફેશનમાં હું મારા શોખથી આવ્યો છું. જ્યારે અમે કોઈ ડોગને ફર્સ્ટ ટાઈમ વોકિંગ માટે લઈ જઈએ ત્યારે તેને ટ્રસ્ટમાં લેવો પડે નહીં તો તે તમારી પર ભસે અને ધુરકિયા કરે. હું ફર્સ્ટ મીટમાં જ તેને ટ્રસ્ટમાં લઇ લઉં. ડોગ્સને અમે 30 કે 45 મિનિટનું વોકિંગ કરાવતા હોઈએ. એ દરમિયાન એ અમારાથી એટલું ફેમિલિયર થઈ ગયું હોય કે અમે એને ક્યારે વોકિંગ કરવા લઈ જઈશું તે માટે ડોર પાસે વેઇટ કરે. તેમના માલિક સાથે પણ વોક કરવા નહીં જાય અમારી સાથે જ જવું હોય

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**


## નથી ખબર કોણે કર્યું ડિમોલિશન, નૈતિકતાનું ભરપૂર થયું ડિમોશન...




ચાલ્યું બુલડોઝર અને ધ્વસ્ત થયા અનેકના આશિયાના, રસ્તા પર આવી ગયા પરિવારો અને નાસીરનગર થયું વિરાના... ડિમોલિશનમાં હતો મનપા અને પોલીસના અધિકારીનો મેલ, છતાંય નથી ખબર કોણે કર્યો આ ‘ખેલ’... બિલ્ડરોએ લાભમાં પોતાના, તોડાવ્યા ગરીબોનાં ઘરો, રસ્તે રઝળતા થયા અનેક પરિવારો... રચાઈ છે તપાસ કમિટી અને મુકાયા છે ઉચ્ચ અધિકારી, પણ ખબર નથી કે મળશે ન્યાય કે વાયદા થશે વારીવારી... આ જ છે શાસન કે પ્રશાસન, ગરીબોએ તો કરવાનું છે માત્ર શવાસન...

**સુરત માટે ઘણાં બધા નામ પ્રચલિત છે, સૂર્યપુર, સૂરજપુર, ભાનુક્ષેત્ર, સુન્દિરપુર વગેરે... પણ આ બધા નામના મહાત્મ્યથી કદાચ આપણે સહુ અજાણ છીએ. તો આજે જાણો સૂરતના નામ પાછળ જોડાયેલી પૌરાણિક કથા અને કેવી રીતે સૂરતના ઘણા બધા વિસ્તારો આ સૂર્યકુટુંબના નામથી પ્રભાવિત થઈ આપણી લોકબોલીમાં સ્થિત થઈ ગયા છે...**

# સૂરતને જોડતા બે નામ: સૂર્યપુર અને રન્નાદેનો ઈતિહાસ






ભગવાન વિશ્વકર્માની દુહિતા સંજ્ઞાદેવી સાથે સૂર્યનારાયણ ભગવાનના લગ્ન થયા હતા. એ સંજ્ઞાદેવીને ધર્મરાજ, વૈવસ્તવ અને યમુનાજી સંતાનો હતા. પુરાણોમાં એવી કથા છે કે સંજ્ઞાદેવીથી સૂર્યદેવનો તાપ સહન ન થવાથી તેઓ છાયારૂપી સંજ્ઞા બનાવી પોતે તાપી તીરે અશ્વિનીકુમાર ક્ષેત્રમાં આવી રહ્યા. છાયાદેવીને શનિદેવ અને શ્રાદ્ધદેવ નામના બે સંતાનો થયા. વર્ષો પછી છાયાદેવી સાથે મતભેદ જાગતા સૂર્યદેવને સંજ્ઞાદેવી તાપીને શરણે છે એવી જાણ થઈ અને તેઓ સંજ્ઞાદેવીની ભાળ કાઢતા તાપી તીરે આવ્યા. ત્યાં સંજ્ઞાદેવી અશ્વિની એટલે કે ઘોડા સ્વરૂપે તપ કરી



રહ્યા હતા. સૂર્યભગવાન ત્યાં સંજ્ઞાદેવીને મળ્યા અને ત્યાં અશ્વ બની તેમની સાથે રહેવા લાગ્યા. તેનાંથી તેમને બે સંતાનો થયા જે ઘોડા જેવા મુખ ધરાવતા હોવાથી તેમના નામ અનુક્રમે અશ્વિની અને કુમાર રાખવામાં આવ્યા. સૂર્ય ભગવાનના નામ પરથી સૂર્યપુર સૂરત કહેવાયું અને રન્નાદેના નામ પરથી રાંદેર વિસ્તાર વિકસ્યો. એક જમાનામાં સૂરત અને રાંદેર એ બે અલગ પ્રદેશ મનાતા હતા. એવું કહેવાતું કે પિતા સૂર્યદેવનાં ક્ષેત્ર અને માતા રન્નાદેની ભૂમિ વચ્ચે લાડકી દીકરી ખોળામાં બેઠી હોય એમ લોકમાતા તાપી વહે છે અને આ બંને પ્રદેશોને એકબીજાથી જોડે છે.




ઘણાં એવું કહે છે કે રાંદેરમાં મા રન્નાદેનું ભવ્ય સ્થાન હતું અને તેની જાહોજલાલી પણ ભવ્ય હતી. આરબ નવાયતાઓના આવ્યા પાછી એ મંદિરનો વિદ્ધંશ થયો. ત્યારે મા રન્નાદેના અજોડ ભક્ત એવા બ્રાહ્મણ પૂજારી દુર્ગાદાસને માતાજીએ સ્વપ્નમાં આવી ચેતવણી આપી અને દુર્ગાદાસે એ મૂર્તિને તાપી તટે દાટી દીધી. એ મૂર્તિ માટે એવું કહેવાય છે કે રાંદલમાએ તેમના ભક્ત સોમગીરીને સ્વપ્નમાં આવી કહ્યું, “હું તાપી તટે દબાયેલી છું મને બહાર કાઢ.” સોમગીરીજી જ્યારે તાપીતટે આવ્યા ત્યાં તેમણે ટેકરા પર ફૂલોનો ઢગલો પડેલો જોયો. ત્યારે તેમને જાણે માતાજીએ જ અંત:સ્ફૂરણા કરી હોય તેમ તેમણે ધરતીમાતાને વંદન કરી ત્યાં ખોદકામ કરાવતા એ મૂર્તિ ત્યાંથી મળી આવી. જોકે ઈતિહાસ એવું કહે છે કે સોમગીરીજીની આ જગતમાંથી વિદાય પછી જ્યારે મોગલોનું શાસન સૂરતમાં આવ્યું ત્યારે ફરી મા રાંદલનું એ મંદિર ધ્વસ્ત થયું હતું.

**સોમગીરીજી જ્યારે તાપીતટે આવ્યા ત્યાં તેમણે ટેકરા પર ફૂલોનો ઢગલો પડેલો જોયો. ત્યારે તેમને જાણે માતાજીએ જ અંત:સ્ફૂરણા કરી હોય તેમ તેમણે ધરતીમાતાને વંદન કરી ત્યાં ખોદકામ કરાવતા એ મૂર્તિ ત્યાંથી મળી આવી**

તાપીમહાત્મ્યમાં તાપી નદીનો ઉલ્લેખ સૂર્યદેહા અને ભાનુદેહા તરીકે કર્યો છે; જાણે તેના પિતાનો પડછાયો જે પોતાનો દેહ તેના પિતા પાસેથી મેળવે છે. આ કલ્પના જ અદ્ભૂત લાગે છે. સંસ્કૃત સાહિત્યની આ જ તો રસિકતા છે. સૂરત નગરના આસપાસના ક્ષેત્રને પણ ‘ભાનુ ક્ષેત્ર’ નામથી નામથી ઓળખવામાં આવ્યો છે. કતારગામમાં આવેલા પ્રસિદ્ધ શૈવતીર્થ માટે પણ એવી કથા છે કે કપિલમુનિએ તપ કરીને ભગવાન સૂર્યનારાયણને પ્રસન્ન કર્યા પછી તેમની વિનંતીથી સૂર્ય કાન્તારશિવ રૂપે આવીને ત્યાં રહ્યા. કાન્તારનો અર્થ જંગલ એવો થાય છે. એક સમયે તાપી નદીની આસપાસ ઘણું વિશાળ જંગલ હતું અને એ જંગલના સ્વામી આ ભગવાન શિવને કાન્તારસ્વરૂપે પૂજવામાં આવતા હતા. ઉપરાંત અશ્વિનીકુમાર નજીક તાપી કાંઠે આવેલું ‘ઉત્રાણ’ પણ સૂર્યની ઉત્તર તરફની ગતિનું સૂચન કરે છે.

જોકે મૂળે સૂર્યપુર ઉપરથી ઉત્પન્ન થયેલ શબ્દ ‘સૂરત’ને મુસ્લિમોએ ફારસી ભાષાનું નામ માનીને ખૂબસૂરતીના અર્થમાં પણ તેનો પ્રયોગ કર્યો છે.

વારસાની વરિયાળી

**ઘણાં એવું માને છે કે રાંદેરના પારેખ ફળિયામાં જે આદ્યશક્તિ અંબાજીનું મંદિર આવેલું છે એ જ પ્રતિમા મા રન્નાદેની છે; જે દુર્ગાદાસજીએ તાપી તટે દાટી દીધી અને સોમગીરીજીએ જેની ફરી સ્થાપાના કરી હતી.**